પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩ | ૧૪ માર્ચ, ૨૦૨૦, શનિવાર; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ભારતમાં કોરોનાથી હાહાકાર

**ભારતમાં ધીમા ડગલે કોરોનાનો વ્યાપક પગપેસારો....? એક પછી એક રાજ્યોમાં સાવચેતીના પગલાં : યુપી, છત્તીસગઢ, દિલ્હી સહિત અનેક રાજ્યોએ શાળા-કોલેજો બંધ કરાવી, આઇપીએલની મેચો લંબાવાઇ, ભારત સરકાર પણ સજાગ-મંત્રીઓના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ**



પ્રતિકાત્મક તસવીર

ન્યુ દિલ્હી. તા.૧૩

ચીનની વુહાનથી શરૂ થયેલો ભયાનક કોરોના વાઈરસ રોગચાળાએ ભારતમાં પણ ધીમે ધીમે પગપેસારો કર્યો હોય તેમ શાળા -કોલેજો બંધ રાખવાની ફરજ પડતાં સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં હોવાનું મનાય રહ્યું છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વિદેશ પ્રવાસો

## જાહેર કાર્યક્રમો રદ શાળા-કોલેજો બંધ

એક પછી એક રાજ્યો તેના ભરડામાં આવી રહ્યાંનું ચિત્ર ઉપસી રહ્યું છે. દિલ્હી રાજ્યે આઈપીએલની મેચો રમાડવાની ના પાડ્યા બાદ કેટલાક રાજ્યોએ રદ કરીને કોઈ મંત્રી વિદેશ પ્રવાસે નહીં જાય તેવી જાહેરાત કરી છે. તો મહત્વની એવી આઈપીએલની મેચોની તારીખ પણ કોરોનાને

● અનુસંધાન પાન-૭ પર

## હાઈકોર્ટે સુઓમોટો દાખલ કરી કહ્યું, હસ્ત ધનૂનના બદલે નમસ્તેનો આગ્રહ રાખો

અમદાવાદ, તા.૧૩

દેશભરમાં જીવલેણ કોરોના વાયરસની ભીતિને લઈને ગુજરાત હાઈકોર્ટે લીધેલી સુઓમોટો જાહેરહીતની અરજીમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ આશુતોષ શાસ્ત્રીની ખંડપીઠે કેટલાક નિર્દેશો લોકોના જાહેર હિત માટે જાહેર કર્યા છે.

મળતી માહિતી પ્રમાણે, કેન્દ્ર અને રાજ્ય સરકાર સાવધાની માટે પગલાં લઈ રહી છે પરંતુ વાયરસ વધુ ન ફેલાય તે માટે રાજ્યની ન્યાયપાલિકા તરીકે અને ન્યાયપાલિકા માટે પણ તેમજ પ્રજા માટે પણ નિર્દેશ જારી કરવાની જરૂરિયાત હોવાનું કોર્ટે નોંધ્યું હતું. નિર્દેશો આ પ્રમાણે છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારે કોરોના વાયરસ માટે જારી કરેલી એડવાઈઝરી નું ચુસ્તપણે પાલન કરાય. કોર્ટ પરિસર ના પ્રવેશ દ્વાર પર ટેમ્પરેચર ગન મુકવા કોર્ટે સરકારને કર્યો આદેશ... કોર્ટમાં આવતી વ્યક્તિ ને તાવ જણાઈ આવે તો તાત્કાલિક સારવાર અને નિદાન માટે મોકલી આપવા નિર્દેશ. રાજ્યની તમામ અદાલતોમાં પક્ષકારોએ આવવાનો આગ્રહ રાખવો નહીં પક્ષકારોના વકીલો આ મુદ્દે તેમના અસીલોને યોગ્ય માહિતી અને

● અનુસંધાન પાન-૭ પર

## સાવચેતીના ભાગરૂપે પ્રધાનમંત્રી મોદીની ગુજરાત યાત્રા હાલ મોકૂફ

**નીતિન પટેલ દ્વારા સત્તાવાર રીતે જાહેરાત : કાર્યક્રમની નવી તારીખો ટૂંકમાં જાહેર કરાશે**

અમદાવાદ,તા. ૧૩

કોરોના ઈફેક્ટની તકેદારીરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. અત્યારે સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસનો હાહાકાર મચ્યો છે ત્યારે તકેદારીના પગલારૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આગામી તા.૨૧ અને ૨૨ માર્ચનો ગુજરાતનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદી તા.૨૧ અને ૨૨ માર્ચે વડોદરાની મુલાકાત લેવાના હતા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાના હતા. જો કે, જાહેર સ્થળોએ વધુ ભીડ એકત્ર નહી થવા

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજારમાં સવારમાં કોહરામ બાદ રેકોર્ડ રિકવરી

**સેંસેક્સમાં સવારમાં ૩૦૦૦થી વધુ પોઇન્ટનો ઘટાડો થતાં ભારે હાહાકાર : સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં કારોબારને લોઅર સર્કિટ બાદ બંધ કરાયા પછી કારોબાર શરૂ થતાં દહેશત દૂર : સેંસેક્સમાં આખરે ૧૩૨૫ પોઇન્ટની રિકવરી**

મુંબઈ,તા. ૧૩

શેરબજારમાં સવારના કારોબારમાં સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં લોઅર સર્કિટ લાગી ગયા બાદ કારોબારને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે, કારોબાર નિર્ધારિત સમય મુજબ બંધ રાખવામાં આવ્યા બાદ ફરી કારોબાર શરૂ થયા બાદ ઘટનાક્રમનો દિવસ આજે રહ્યો હતો. ઈન્ટ્રાડે દરમિયાન રેકોર્ડ રિકવરી નોંધાઈ હતી. મૂડીરોકાણકારો કોરોના વાયરસના ફેલાવાને લઈને તેમની ચિંતાને બાજુએ મુકીને કેટલીક લેવાલી હાથ ધરી હતી. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ અને સેંસેક્સમાં સવારના કારોબારમાં ૧૦ ટકાથી વધુનો ઘટાડો નોંધાઈ ગયા બાદ લોઅર સર્કિટ લાગતા કારોબાર બંધ કરાયો હતો. નિફ્ટીમાં ૧૦ ટકાનો ઘટાડો થતાં ૪૫ મિનિટ સુધી કારોબાર રોકાયો હતો. જો કે, માર્કેટ ફરી શરૂ થયા બાદ સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ક્રમશઃ ૫૩૮૧ પોઈન્ટ અને ૧૬૦૪ પોઈન્ટની રિકવરી થઈ હતી. સવારમાં નિચલી સપાટીથી આ રિકવરી નોંધાઈ હતી. કારાબોરના અંતે સેંસેક્સ ૧૩૨૫ પોઈન્ટ અથવા તો ૪.૦૪ ટકા રિકવર થઈને ૩૪૧૦૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી પણ ૪૩૩ પોઈન્ટ અથવા તો ૪.૫૪ ટકા

● અનુસંધાન પાન-૭ પર

## સિંધિયા સમર્થક ૧૯ સભ્યો પરત : છ મંત્રીને દૂર કરાયા

**બેંગ્લોરથી પરત આવતા પહેલા કમલનાથની ભલામણ બાદથી રાજ્યપાલ દ્વારા કાર્યવાહી**

ભોપાલ, તા. ૧૩

કોંગ્રેસથી ભાજપમાં આવી ચુકેલ દિગ્ગજ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાના સમર્થક ૧૯ ધારાસભ્ય આજે બેંગ્લોરથી પરત પહોંચ્યા હતા. આમા કમલનાથ સરકારના છ મંત્રી પણ સામેલ રહ્યા છે. બીજી બાજુ મધ્યપ્રદેશમાં જોરદાર ઘટનાક્રમનો દોર જારી રહ્યો છે. જેના ભાગરુપે આ લોકો ભોપાલ પહોંચે તે પહેલા જ રાજ્યપાલ લાલજી ટંડને મુખ્યમંત્રી કમલનાથની ભલામણ ઉપર તમામ છ મંત્રીઓને તેમના પદ પરથી દૂર કરી દીધા હતા. ભોપાલ પહોંચતા પહેલા અસંતુષ્ટ ધારાસભ્ય કમલનાથ સરકાર ગઈના નારા લગાવતા નજરે પડ્યા હતા. કમલનાથે સરકારન ફ્લોર ટેસ્ટ પહેલા અસંતુષ્ટ ધારાસભ્યોને બેંગ્લોરથી પરત બોલાવવાની માંગ કરી હતી. શુક્રવારના દિવસે આ ધારાસભ્યોના પહોંચવાના પહેલા મુખ્યમંત્રી કમલનાથે રજ્યપાલ સમક્ષ રજૂઆત કરી હતી અને તેમની સામે ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. ધારાસભ્યોના ભોપાલ પહોંચતા પહેલા એરપોર્ટ ઉપર મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. એરપોર્ટની બહાર કોંગ્રેસ અને ભાજપના મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.







TOP EDUCATION
GANDHINAGAR
Since 2005

16% MBBS Highest Selection Ratio in North Gujarat

Crash Course
— 2020 —

FREE ASSESSMENT TEST
DATE: 17th March 2020
Scholarship Up To 50%

NEET (UG)
Fees Rs. 25000+GST
40 Day * 240 hrs *
9FLTs * 9 Practice Papers

JEE (MAIN) + GUJCET(A)

Batches Start From
THE NEXT DAY OF BOARD EXAMS

Admission open

● SEPARATE HOSTEL FACILITY FOR BOYS AND GIRLS
● TRANSPORTATION FACILITY AVAILABLE
● STUDY MATERIAL AVAILABLE

Since 2005
TOP EDUCATION GANDHINAGAR
TOP EDUCATION
Sector 6 A, Gandhinagar
(Near Jalaram Hospital)

For Registration call
9998536507, 9909941896,9429221516
8866909646,9909941896
Web. : www.topeducation.org.in
E-mail : top.educational@yahoo.com


## સાત મહિના બાદ ફારુક અંતે મુક્ત : સંસદ કામગીરીમાં ભાગ લેશે

જમ્મુ, તા. ૧૩

જમ્મુ કાશ્મીર સરકારને સાત મહિના સુધી નજરકેદ હેઠળ રાખ્યા બાદ રજયના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાને આજે સવારે મુક્ત કરવામાં આવ્યા હતા. ફારુક અબ્દુલ્લા શ્રીનગરના સાંસદ છે. કલમ ૩૭૦ના અંત બાદ શ્રીનગરના ગુપતાર રોડ સ્થિત તેમના આવાસ પર તેમને નજરકેદ હેઠળ રખવામાં આવ્યા હતા. ફારુક અબ્દુલ્લા આજે પરિવાર સાથે બહાર આવ્યા હતા જેમાં તેઓ પરિવારનાા સભ્યો સાથે નજરે પડે છે. ફારુક અબ્દુલ્લાએ કહ્યું છે કે, તેઓ ટૂંકમાં જ દિલ્હી જઈને સંસદની કામગીરીમાં ભાગ લેશે. આ પહેલ જમ્મુ કાશ્મીર સરકારના પ્રમુખ સચિવ શાલિન કાબરાએ ફારુક અબ્દુલ્લા પર પીએસએ લાગૂ કરવાના આદેશને પરત લઈ લીધો હતો. સરકાર તરફથી ફારુક ઉપર ૧૫મી સપ્ટેમ્બરના દિવસે પીએસએ લાગૂ કરવામાં આવ્યો હતો ત્યારબાદ તેને ૧૩મી ડિસેમ્બરના દિવસે ત્રણ મહિના માટે વધારવાનો નિર્ણય કરાયો હતો.


હાર્દિક અભિનંદન



શ્રી પરેશભાઈ આર. પટેલ
ડીરેક્ટરશ્રી કૃષક ભારતી કો.ઓ.લી. (કૃભકો - ન્યુ દિલ્હી)

ગુજરાત રાજ્યના સહકારી આગેવાન શ્રી પરેશભાઈ આર. પટેલ ભારત દેશની નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃભકો (ન્યુ દિલ્હી)માં સતત ત્રીજીવાર દસ રાજ્યમાંથી બિનહરિફ વરણી થવા બદલ આપશ્રીને અભિનંદન સહ ખૂબ ખૂબ શુભકામનાઓ...

શુભેચ્છક
અભિષેક રમેશભાઈ પટેલ (ફ્રેન્ડ્સ ઈન્ફો. TP-75, ચાંદખેડા)
યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ (લાડલી બ્યુટી કલેક્શન, સેક્ટર-૨૧)
વત્સલ યોગેશભાઈ વ્યાસ
જીગર બાબુલાલ પટેલ